# જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) બનાસકાંઠાની કચેરી,

જિલ્લા સેવા સદન–૨, પ્રથમ માળ,
જોરાવર પેલેસ સંકુલ, પાલનપુર ફોન નં. ૦૨૭૪૨/૨૫૩૭૬૫
E-MAIL:ddcw-sjed-ban@gujarat.gov.in

---

ક્રમાંક : સકઅ/જાતિપ્રમાણપત્ર/૨૦૧૯–૨૦/૨૦૭૨ તા.૩૦/૧૧/૨૦૧૯
ઘણો જરૂરી / સમય મર્યાદા

## ધોરણ ૧૦ / ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જાતિ પ્રમાણપત્ર આપવા અંગેનો પરિપત્ર

પ્રતિ,
આચાર્યશ્રી,

______________________________

મુ.____________,તા. ____________,જિ. બનાસકાંઠા.

વિષય: ધોરણ ૧૦ / ૧૨ માં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, વિચરતિ–વિમુકત જાતિ, ધાર્મિક લઘુમતિ જાતિ તથા બિનઅનામત વર્ગોના વિદ્યાર્થીઓને જાતિ પ્રમાણપત્ર અંગેની દરખાસ્ત મોકલી આપવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક /સશપ/૧૧૦૯/૬૬૩/અ થી ધોરણ ૧૦ / ૧૨ ના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ માટે અનામતનો લાભ મેળવવા માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના જાતિના પ્રમાણપત્રો સરળતાથી મળી રહે તે માટેની પધ્ધતિ અમલમાં છે.સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૨/૦૮/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક સશપ/૧૧૦૯/૧૬૬૩/અ થી આ પધ્ધતિમાં આંશિક ફેરફાર કરી નીચે મુજબ સુધારો કરેલ હોઈ તે મુજબ કાર્યવાહી કરવાનું જણાવવામાં આવેલ છે.

ચાલુ વર્ષ ૨૦૧૯–૨૦ માં ધોરણ – ૧૦ / ૧૨ ની પરીક્ષા આપનાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, વિચરતિ–વિમુકત જાતિ, ધાર્મિક લઘુમતિ જાતિ તથા બિનઅનામત વર્ગોના વિદ્યાર્થીઓને જાતિ પ્રમાણપત્રો મેળવવા માટે સરળતા રહે તે હેતુથી વિદ્યાર્થીઓ પાસેથી નીચે મુજબના આધાર – પુરાવા સાથે નિયત નમૂનાના અરજીફોર્મમાં સંપૂર્ણ વિગતો ભરાવી ડીસેમ્બર માસની ૨૫ (પચીસ) તારીખ સુધીમાં શાળાઓએ સબંધિત શાળા વિકાસ સંકુલને પહોંચતી કરવાની રહેશે. અને શાળા વિકાસ સંકુલના વડાએ ડીસેમ્બરની ૩૦ તારીખ સુધીમાં જાતિ પ્રમાણપત્રની દરખાસ્તો જરૂરી આધાર પુરવા સાથે પત્રક–૧ ના નિયત નમુનામાં તૈયાર કરી તાલુકાની ગ્રામ્ય વિસ્તારની શાળાઓ માટે જે તે તાલુકા વિકાસ અધિકારીશ્રીને, તાલુકા મથકની શાળાઓ માટે જે તે તાલુકાના મામલતદારશ્રીને, અને જિલ્લાના મુખ્ય મથક પાલનપુર શહેરની શાળાઓ માટે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (વિ.જા.) બનાસકાંઠા, પાલનપુર ને મોકલી આપવાની રહેશે.

સબંધિત શાળાઓએ સબંધિત કચેરીઓ પાસેથી જાન્યુઆરી માસના અંત સુધીમાં જાતિના પ્રમાણપત્રો મેળવી લઈ ધોરણ ૧૦ / ૧૨ ના પરિણામ સાથે સામુહિક રીતે વિદ્યાર્થીઓ અને તેમના પિતા/વાલીઓને પહોંચ લઈને જાતિ પ્રમાણપત્રો આપી દેવાના રહેશે. અગાઉ ધો. ૧૦ માં જે વિદ્યાર્થીએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, વિચરતિ–વિમુકત જાતિ, ધાર્મિક લઘુમતિ જાતિ તથા બિનઅનામત વર્ગોનું જાતિ પ્રમાણપત્ર મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓને ધો.૧૨ પછી પુનઃ જાતિ પ્રમાણપત્ર મેળવવાનું નથી. આવા વિદ્યાર્થીઓની જાતિ પ્રમાણપત્રની દરખાસ્ત કરવી નહી જેની ખાસ નોંધ લેવા વિનંતી છે.

Scanned by CamScanner

સંસ્થાએ દરખાસ્ત સાથે નીચે મુજબના આધારો સામેલ કરવાના રહેશે.

(૧) નિયત અરજી પત્રક (નમુનો સામેલ છે).
(૨) વિદ્યાર્થીનું બોનાફાઈડ સર્ટીફીકેટ.
(૩) વિદ્યાર્થીના પિતાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર અસલ તથા તેની પ્રમાણીત નકલ.
(૪) વિદ્યાર્થીના પાસપોર્ટ સાઈઝના બે ફોટા (એક અરજીપત્રકમાં નિયત જગ્યાએ ચોંટાડવાનો રહેશે.)
(૫) રહેઠાણના પુરાવા માટે રેશનકાર્ડ / લાઈટ બીલ/ આધારકાર્ડ ની પ્રમાણીત નકલ.
(૬) વિદ્યાર્થીઓની માહિતી દર્શાવતું નિયત નમુનાનું પત્રક.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર.

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
(વિ.જા.)બનાસકાંઠા, પાલનપુર

**નકલ રવાના :–**

(૧) સંચાલકશ્રી, શાળા વિકાસ સંકુલ, ................. તા............. જિ. બનાસકાંઠા તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી .................. જિ. બનાસકાંઠા તરફ જાણ.
(૩) મામલતદારશ્રી .................. જિ. બનાસકાંઠા તરફ જાણ.

૨/– આપના તાલુકાની શાળાઓની જાતિ પ્રમાણપત્રની દરખાસ્ત અન્વયે ડીસેમ્બરના અંત સુધીમાં જાતિ પ્રમાણપત્ર અપાઈ જાય તે અંગે જરૂરી કાર્યવાહી કરવા સારૂ

**નકલ સવિનય રવાના :–**

માન. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.

**:– બોનાફાઈડ પ્રમાણપત્રનો નમુનો :–**

વિદ્યાર્થીનું નામ :–..................................................................
વિદ્યાર્થીના પિતાનું નામ :–..................................................................
સરનામું :–..................................................................
જ.ર.નં. :–..............જાતિઃ– ...................પેટા જાતિઃ–................
જન્મ તારીખ :–............. જન્મ સ્થળઃ મુ. :– ............. તા.:– ..................
જિ.:..................... શાળામાં દાખલ તારીખઃ–.......................

શાળાનું રાઉન્ડસીલ આચાર્યશ્રીનો સહી સિક્કો

તારીખ :–
સ્થળ :–

**પત્રક–૧**

**:: વિદ્યાર્થીઓની માહિતી દર્શાવતું પત્રક ::**

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ધોરણ | સરનામું | જન્મ તારીખ | જી.આર. નં. | જાતિ / પેટાજાતિ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

શાળાનું રાઉન્ડસીલ આચાર્યશ્રીનો સહી સિક્કો

તારીખ :–
સ્થળ :–

Scanned by CamScanner